

ગ્રીસમાં કટોકટી : ૬ જુલાઈ સુધી બેંકો બંધ

Page-6

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૧૧ | ૩૦ જૂન, ૨૦૧૫, મંગળવાર ; અધિક અષાઢ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પંચાયતના પાંચ ઈજનેરોની ટીમ સર્વેની કામગીરી માટે અમરેલી રવાના

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતના એક નાયબ કાર્યપાલક ઈજનેર અને ૪ અધિક મદદનીશ ઈજનેરોની ટીમ ટેકનીકલ સર્વેની કામગીરી માટે આજે અમરેલી જવા રવાના થઈ છે.

અમરેલીમાં મેઘતાંડવથી સર્જાયેલ તારાજીને લઈ મિલ્કતોને થયેલ નુકશાન અંગેના સર્વે માટે સરકારની સીધી સૂચનાને પગલે આજે પંચાયતના એક ના.કા.ઈ. અને ચાર અધિક મદદનીશ ઈજનેરોની ટીમ અમરેલી જવા માટે રવાના કરવામાં આવી છે.

જિલ્લામાંથી આજે રવાના થયેલી ટીમ અમરેલી જિલ્લા વિકાસ અધિકારી હસ્તક મુકવામાં આવી છે અને સર્વેની કામગીરી સંપન્ન થાય ત્યાં સુધી તે ત્યાં જ ફરજ બજાવશે.

જિલ્લા પંચાયતમાંથી અગાઉ ૮ તીબબની ટીમ બાદ આજે ઈજનેરોની એક ટીમ અમરેલી મોકલવામાં આવી છે આમ પંચાયતની બે ટીમ અમરેલી મોકલવામાં આવી છે.

પંચાયતની બે ટીમો પૈકી આરોગ્યની ટીમે તો ત્યાં કામગીરી આરંભી દીધી છે જયારે આજે રવાના થયેલ ટીમ આવતીકાલે સવારે તેની કામગીરી વિસ્તારની ફાળવણી થયેથી શરૂ કરશે.



પરંપરાગત રમત - ભારતીય ગ્રામીણ સમાજ જીવનમાં ગીલી-દંડાની રમતનું મહત્વ વર્ષોથી રહ્યું છે... પરંપરાગત શહેરી રમત ગણાતી ગીલી-દંડાની રમત સરળ અને સસ્તી ગણાય છે... ઉંચ-નીચના ભેદ સિવાય શારિરીક વિકાસમાં મહત્વનું પ્રદાન કરતી ગીલી-દંડાની રમત છૂટા છવાયા પ્રમાણમાં જીવે છે... પરંતુ ભૂસાતી જતી આ રમતને વધુ ને વધુ પુનઃ લોકભોગ્ય બનાવવાની અનિવાર્યતા છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## અતિવૃષ્ટિગ્રસ્ત કુલ ૨૦૬ ગામમાં પાણી પુરવઠો શરૂ

### પાણીના સર્વે માટે ૨૫ ટીમો કાર્યરત કરાઈ

અમદાવાદ, તા.૨૯

સૌરાષ્ટ્રના અમરેલી અને અન્ય ભાગોમાં ભારે વરસાદ બાદ અતિવૃષ્ટિની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. હવે જનજીવનને સામાન્ય બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં વિજળી અને પાણી પુરવટો પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો હજુ પણ ઘણા ભાગોમાં ચાલી રહ્યા છે. આમાં મોટાભાગે સફળતા મળી ચુકી છે. પરંતુ રોગચાળાનો સંકટ તોળાઈ રહ્યો છે. જેના કારણે સાવચેતી રાખવામાં આવી રહી છે. પાણીના નમુનાઓ મેળવવામાં આવી રહ્યા છે.અતિવૃષ્ટિને પરિણામે અમરેલી જિલ્લામાં અસર પામેલ ગામોમાં યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને ૨૦૬ ગામોમાં પાણીનો પુરવઠો પુનઃશરૂ કરવામાં આવ્યો હોવાનું પાણી પુરવઠા બોર્ડના સભ્યસચિવ મહેશસિંહે જણાવ્યું છે. આ ઉપરાંત ગામોમાં વીજળીનો પુરવઠો ઉપલબ્ધ ન હોય તેવા ૧૫ ગામોમાં ડીજી સેટ પુરા પાડવામાં આવ્યા છે અને તે પૈકી ૧૦ ગામોમાં ડીજી સેટ બેસાડી પૂર્વવત પાણીનો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવ્યો છે. મહેશસીંગે વધુમાં જણાવ્યું હતું કે, ૬૭ ટેન્કરો દ્વારા ૮૮ ગામોમાં ૨૧૬ ફેરા દ્વારા ગ્રામજનોને પાણી પુરૂ પાડવામાં આવ્યું છે. આની સાથોસાથ વધારાના ૧૧ ટેન્કરો તથા ૩૦ ટાંકીઓ ઊપલબ્ધ કરવામાં આવી છે.

જેમાં જરૂર જણાય તાત્કાલિક ઉપયોગ કરી શકાશે. વીજ પુરવઠો ચાલુ થતાં બોર તેમ જ પમ્પીંગ મશીનરી કાર્યરત કરવા તથા પાઈપ લાઈન અને મશીનરીઓના તાત્કાલિક જરૂરિયાતોનું સર્વક્ષણ કરવા ૨૫ ટીમોની રચના કરવામાં આવી છે અને ગ્રામ્યજનોને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે ૪ ગામોમાં મશીનરી બદલી આપવામાં આવી છે.આ ઉપરાંત પાણીના સોર્સનું રાસાયણિક તથા બેકેટેરીયોલોજીકલસ કરવા માટે ૧૩૧૩ જેટલા પાણી સેમ્પલીંગ કરવામાં આવ્યા છે.

## સૌરાષ્ટ્રના ૧૩૭ જળાશયોમાં ૪૩.૦૭ ટકા પાણીનો સંગ્રહ

ગાંધીનગર, તા.૨૯

રાજયમાં તાજેતરમાં આવેલા વરસાદને કારણે રાજયના જળાશયોમાં નવા પાણીની આવક થવા પામી છે. સૌરાષ્ટ્રના ૧૩૭ જળાશયોમાં ૩૮૪૨૯.૭૨ મી.ઘ. ફુટ પાણીનો સંગ્રહ થવા પામ્યો છે. ૪૨.૦૭ ટકા છે જે ગત વર્ષ ૧૬.૮૪ ટકાની સરખામણીએ વધુ છે.

રાજય પુર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત વર્ષે રાજયમાં કુલ ૨૦૨ જળાશયોમાં આ સમયગાળા દરમિયાન ૧૭૯૦૯૫.૦૮ મી. ઘન ફુટ પાણીનો સંગ્રહ હતો જેની સામે આ વર્ષે આ સમયગાળા દરમિયાન ૧ લાખથી વધુ ઘન ફુટ પાણીનો સંગ્રહ થવા પામ્યો છે.

ઉત્તર ગુજરાતના ૧૫ મધ્ય ગુજરાત ૧૭ અને દક્ષિણ ગુજરાતના ૧૩ મળી કુલ ૪૫ જળાશયોમાં ગત વર્ષે આ સમયગાળા દરમિયાન ૧૬૩૩૦૮.૨૧ મી. ઘન ફુટ પાણીનો સંગ્રહ થયો હતો જેની સામે આ વર્ષે આ સમયગાળા દરમિયાન ૧૫૩૯૯૧.૪૧ મી. ઘન ફુટ પાણીનો સંગ્રહ થવા પામ્યો છે. સૌરાષ્ટ્રના ૧૩૭ જળાશયોમાં ગત વર્ષે ૧૫૦૨૫.૮૩ મી.ઘ. ફુટ પાણીનો સંગ્રહ હતો જેની સામે આ વર્ષે આ જળાશયોમાં ૩૮૪૨૮.૭૨ મી. ઘન ફૂટ પાણીનો સંગ્રહ થયો છે. એટલે કે સૌરાષ્ટ્રના ૧૩૭ જળાશયોમાં ૪૩.૦૭ ટકા પાણીનો જળસંગ્રહ થવા પામ્યો છે.

### જળાશયોમાં સંગ્રહાયેલા પાણીનો જથ્થો

| વિસ્તાર | જળાશયોની | હાલનો સંગ્રહાયેલ જથ્થો મી.ઘ.ફૂટ | હાલનો સંગ્રહાયેલ જથ્થો ટકામાં |
|---|---|---|---|
| ઉ. ગુજરાત | ૧૫ | ૧૪૭૪૪.૭૨ | ૨૧.૭૨ ટકા |
| મધ્ય ગુજરાત | ૧૭ | ૪૯૫૪૩.૦૬ | ૫૯.૬૬ |
| દક્ષિણ ગુજરાત | ૧૩ | ૮૯૭૦૩.૬૩ | ૨૯.૪૩ |
| કચ્છ | ૨૦ | ૫૬૭.૮૭ | ૪.૮૪ |
| સૌરાષ્ટ્ર | ૧૩૭ | ૩૮૪૨૮.૭૨ | ૪૩.૦૭ |
| કુલ | ૨૦૨ | ૧૯૨૯૮૮.૦૦ | ૩૪.૬૭ ટકા |

## વત્સલનો પાર્થિવદેહ પંચમહાભુતમાં વિલીન





(તસવીર : દિપક જાની)

### અંતિમ યાત્રાની વેળાએ તથા પૂર્વે પરિવારજનોના આક્રંદે સૌને હચમચાવી દીધા અક્ષરધામના સંતોએ પણ પુષ્પાંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૨૯

ક્રોએશિયામાં વિમાની દુર્ઘટનામાં જીવ ગુમાવનાર ગાંધીનગરનો પાયલોટ વત્સલ પ્રકાશકુમાર ઉપાધ્યાયનો પાર્થિવ દેહ આજે મહામૃત્યુંજય મંત્રોચ્ચાર સાથે પંચમહાભુતમાં વિલીન થયો છે.

વહેલી સવારે ૩ વાગે તેનો પાર્થિવ દેહ ગાંધીનગર આવી પહોંચ્યો હતો. સ્નાનાદિ વિધિ સહિત પાર્થિવ શરીર બાદ પત્ની એન્જલ અને દાદી જશુમતિબેન ઉપાધ્યાય, મમ્મી યોગીનીબેન ઉપાધ્યાય અને કાકી મીનાબેન તથા ફોઈ પુનિતાએ અંતિમ દર્શન કર્યા હતા.

આ પળે સમગ્ર વાતાવરણ આક્રંદથી છવાઈ ગયું હતું. પિતા પ્રકાશભાઈ, કાકા નયનભાઈ તથા તેનો લઘુબંધુ ચિન્મય પણ આંસુઓને ખાળી શક્યા ન હતા અને પોકેપોકે રડી પડ્યા હતા.

સવારે ૭ વાગે પ્રકાશભાઈના ઘરે અક્ષરધામના સંતો સ્વામી આનંદસ્વરૂપ તેમજ સ્વામી આત્મતીર્થજી આવી પહોંચ્યા હતા અને તેમણે પાર્થિવ શરીરને પુષ્પાંજલિ અર્પી પ્રભુભજન કરાવી આરતી કરી હતી.

બરાબર ૮.૩૦ વાગે વત્સલનો પાર્થિવ દેહ કોફીન સાથે જ અંતિમ યાત્રા માટે રવાના થયો ત્યારે દાદી, મમ્મી, કાકી અનો ફોઈ તથા એન્જલના આક્રંદે સમગ્ર વાતાવરણને હચમચાવી દીધુ હતુ.

અંતિમ યાત્રામાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના સ્કુલ બોર્ડના માજી ચેરમેન ડૉ. કૌશિક મહેતા, ગુડાના ચેરમેનશ્રી આશિષ દવે, કાઉન્સીલર શ્રી અશ્વિન વ્યાસ, શહેર ભાજપના મહામંત્રી શ્રી મુકેશ જાની, મંત્રી શ્રી નરેશભાઈ પરમાર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હિરેન ઉપાધ્યાય, કર્મચારી સંગઠનના આગેવાનો, અધિકારીઓ તેમજ સેકટરના વસાહતીઓ અને સ્નેહીજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

દરમ્યાન રાત્રે ૨.૪૫ કલાકે કતાર એરલાઈન્સમાં પત્ની એન્જલ

● અનુસંધાન પાન-૭ પર





## શહેરમાં રથયાત્રાની તૈયારી આરંભાઈ

### રથયાત્રાનો રૂટ નિયત ૧૦૦ વાહનો જોડાશે : રથયાત્રાના ભવ્ય આયોજન માટે સમિતિની બેઠક મળી : રથયાત્રામાં સુશોભિત ઘોડા વધુ જોવા મળશે

ગાંધીનગર તા ૨૯

શહેરમાં આગામી રથયાત્રાના આયોજનને અનુલક્ષી ભવ્ય તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. આ મામલે ગઈકાલે રથયાત્રા સમિતિની બેઠક મળી હતી.જેમાં રથયાત્રાની ઉજવણીને અનુલક્ષી જરૂરી આયોજન હાથ ધરવામાં આવ્યુ હતું. શહેરમાં ૩૧ મી વર્ષે નિયત રૂટમાં જ રથયાત્રા નિકળશે.જયારે આ વખતે રથયાત્રામાં વાહનોની સંખ્યા વધશે. જેમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી અશ્વસવારો ઉત્સાહભેર ભાગ લેશે. રથાયત્રામાં ૪૦ જેટલા વધુ વાહનો જોડાશે. જેથી વાહનોની સંખ્યા વધતા રથયાત્રા પ્રમાણમાં લાંબી રહેશે. વેબસાઈટ પરથી રથયાત્રાનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે.

રથયાત્રા સમિતિના ડો દિનેશ કાપડીયાએ આ અંગે વિગત આપતા જણાંવ્યુ હતું કે શહેરમાં વર્ષ ૧૯૮૫ થી રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.આગામી તા ૧૮ જુલાઈના રોજ ૩૧ મી રથયાત્રા યોજવામાં આવશે.જય રણછોડ માખણ ચોરના જયઘોષ સાથે રથયાત્રા નગરમાં નિયત રૂટમાં ફરશે. અલબત્ત આ વખતે યાત્રાના રૂટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ગઈકાલે મળેલી રથયાત્રા સમિતિની બેઠકમાં સમિતિના અધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીના માર્ગદર્શન હેઠળ રથયાત્રાની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિયત થયા મુજબ રથયાત્રા શહેરમાં નિયત રૂટમાં જ આગળ વધશે. જયારે સેકટરોમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ વસાહત મંડળો અને સેકટરવાસીઓ દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. રથયાત્રામાં હાથી ઘોડા અને બગી સહિત ઉંટલારી તેમજ ૧૦૮ એમબ્યુલન્સ તેમજ ૧૮૧ મહિલા હેલ્પ લાઈન જોડાશે.રથયાત્રામાં કુલ ૧૦૦ જેટલા વાહનો જોવા મળશે. આ ઉપરાંત વિવિધ ભજન મંડળી તેમજ વિવિધ વેશભૂષામાં સજ્જ પાત્રો જોવા મળશે.ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી અશ્વસવારો પણ જોડાશે. જેથી રથયાત્રામાં ઘોડેસવારોની સંખ્યા વધશે.ગત વર્ષની જેમ આ વર્ષે પણ રથયાત્રાનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. નગરમાં રથયાત્રાની ઉજવણીને અનુલક્ષી નગરજનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહયો છે.

